| | | |
|---|---|---|
| આંક | : | |
| દાખલ તારીખ | : | ૦૬/૧૦/૨૦૨૨ |
| નોંધ્યા તારીખ | : | ૦૬/૧૦/૨૦૨૨ |
| ફેંસલ તારીખ | | ૦૩/૦૭/૨૦૨૬ |
| સમય ગાળો | : | વર્ષ માસ દિવસ |
| | : | ૦૩ ૦૮ ૨૭ |

---

**મે.ના.શ્રી જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક. સાહેબની કોર્ટમાં,**

**મુ. કવાંટ, જી. છોટાઉદેપુર**

---

**ફોજદારી કેસ નં. ૯૦૦/૨૦૨૨**

| | | |
|---|---|---|
| **ફરીયાદી** | શ્રી સરકાર | |
| **–: વિ રૂ દ્ધ :–** | | |
| **આરોપીઓ** | **૧.** | આકાશ ઉર્ફે બીટુ ઈન્દ્રવદન દેસાઈ<br>રહે. વડોદરા ૨૦૫ ગાયત્રીભુવન, આજવા રોડ, વડોદરા |
| | **૨.** | મેહુલ ઉર્ફે મયુર ગુણવંતભાઈ જયસ્વાલ<br>રહે. ડભોઈ રેલ્વે નવાપુરા, તા. ડભોઈ, જી. વડોદરા |
| | **૩.** | અસલા ઉર્ફે અશ્વીનભાઈ ચમકીયાભાઈ રાઠવા<br>રહે. સુર્યાઘોડા વસાહત, મંદીર ફળીયા, તા.બોડેલી, જી. છોટાઉદેપુર |
| | **૪.** | જીતેન્દ્ર ઉર્ફે જીતુભાઈ કાળીદાસભાઈ પાટણવાડીયા (ઠાકોર)<br>રહે. વડોદરા મકરપુરા, તા.જી. વડોદરા |

---

**નામદાર સુપ્રીમ કોર્ટના SUO MOTO WRIT(CRL) NO.(S)1/2017 તથા ધ ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર VI GF 179 A- અન્વયેના નોટીફીકેશન નંબર–સી–૨૦૦૧–૯૩, તા.૨૦/૦૫/૨૦૨૨ ના ઠરાવેલ પ્રર્ફોમા મુજબ**

---

## ફોર્મ–એ

| | | | |
|---|---|---|---|
| તહોમતનામા મુજબ તહોમત | : | પ્રોહિબિશન એક્ટની કલમ–૬૫(એ) (ઇ), ૯૮(૨), ૮૧, ૮૩, ૧૧૬(બી) મુજબ. | |
| ફરિયાદી | : | શ્રી ગુજરાત સરકાર | |
| વિ.એ.પી.પી.શ્રી | : | એસ.એચ. પઠાણ | |
| આરોપીઓ | : | **૧.** | આકાશ ઉર્ફે બીટુ ઇન્દ્રવદન દેસાઇ |
| | | **૨.** | મેહુલ ઉર્ફે મયુર ગુણવંતભાઇ જયસ્વાલ |
| | | **૩.** | અસલા ઉર્ફે અશ્વીનભાઇ ચમકીયાભાઇ રાઠવા |
| | | **૪.** | જીતેન્દ્ર ઉર્ફે જીતુભાઇ કાળીદાસભાઇ પાટણવાડીયા (ઠાકોર) |
| આરોપીઓ તરફે | : | વિ.વ.શ્રી, એસ.એમ. શાહ | |

## ફોર્મ–બી

| | | |
|---|---|---|
| ગુનો બન્યા તારીખ | : | ૦૮/૦૮/૨૦૨૨ |
| ફરિયાદ તારીખ | : | ૦૮/૦૮/૨૦૨૨ |
| ચાર્જશીટની તારીખ | : | ૦૬/૧૦/૨૦૨૨ |
| તહોમત ફરમાવ્યાની તારીખ | : | ૩૦/૦૯/૨૦૨૪ |
| પુરાવો શરૂ કર્યાની તારીખ | : | ૧૭/૦૫/૨૦૨૫ |
| ચૂકાદાની તારીખ | : | ૦૩/૦૭/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ (જો કોઇ હોય તો) | : | ––– |

**<u>આરોપીની વિગત</u> :**

| | |
|---|---|
| આરોપીનુ નામ | ૧. આકાશ ઉર્ફે બીટુ ઇન્દ્રવદન દેસાઇ<br>૨. મેહુલ ઉર્ફે મયુર ગુણવંતભાઇ જયસ્વાલ<br>૩. અસલા ઉર્ફે અશ્વીનભાઇ ચમકીયાભાઇ રાઠવા<br>૪. જીતેન્દ્ર ઉર્ફે જીતુભાઇ કાળીદાસભાઇ પાટણવાડીયા (ઠાકોર) |

| | |
|---|---|
| ધરપકડની તારીખ | આરોપી નં. ૧ તા. ૦૮/૦૮/૨૦૨૨<br>આરોપી નં. ૨. તા. ૩૦/૦૯/૨૦૨૨<br>આરોપી નં. ૩.તા. ૨૫/૦૯/૨૦૨૨<br>આરોપી નં. ૪.તા. ૨૭/૦૯/૨૦૨૨ |
| જામીન પર મુકત કરવામા આવેલ હોય તો તેની તારીખ | -- |
| કયા ગુનાના આક્ષેપો છે? | પ્રોહિબિશન એકટની કલમ-૬૫(એ)(ઈ), ૯૮(૨), ૮૧, ૮૩, ૧૧૬(બી) મુજબ |
| નિર્દોષ છોડવામાં આવ્યા કે કસૂરવાર? | નિર્દોષ |
| શું સજા કરી? | -- |
| સી આર.પી.સી.ની કલમ-૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલ છે? | -- |

**ફોર્મ-સી**

**ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદનું લીસ્ટ**

**(એ) ફરિયાદપક્ષ તરફે :**

**ફરિયાદપક્ષનો મૌખિક પુરાવો**

| નં. | સાહેદનું નામ | પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧ | નહેરાજસિંહ દશરથસિંહ કટારીયા | પંચ સાહેદ | ૩૪ |
| ૨ | બાહુદ્દીનભાઈ ગનીભાઈ મકરાણી | પંચ સાહેદ | ૩૬ |
| ૩ | સુમીત્રાબેન વજેસીંગભાઈ રાઠવા | ફરીયાદી | ૪૩ |
| ૪ | પીન્ટુભાઈ વિરસીંગભાઈ રાઠવા | સાહેદ | ૪૫ |
| ૫ | ચીમનલાલ મણીલાલ ગામીત | ત.ક.અ. | ૪૬ |

**(બી) બચાવ પક્ષ તરફે (જો હોય તો) :**

| નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| - | - | - | - |

**(સી) કોર્ટ તરફે (જો હોય તો) :**

| નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| – | – | – | – |

**ફરિયાદપક્ષ તરફે આંકે પડેલ દસ્તાવેજી પુરાવા :**

(બી) <u>દસ્તાવેજી પુરાવા</u> :

| નં. | દસ્તાવેજની વિગત. | આંક. |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૪૪ |
| ૨ | પંચનામુ | ૩૫ |

**બચાવપક્ષ તરફે આંકે પડેલ દસ્તાવેજો**

| નં. | દસ્તાવેજની વિગત. | આંક. |
|---|---|---|
| – | – | – |

**કોર્ટ તરફે આંકે પડેલ દસ્તાવેજો**

| નં. | દસ્તાવેજની વિગત. | આંક. |
|---|---|---|
| – | – | – |

## –: <u>ચુ કા દો</u> :–

(૧) ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ એક બીજાના મેળાપીપણામાં ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂ બીયરની ખરીદ વેચાણનુ પૂર્વ આયોજીત કાવતરૂ રચી તા. ૦૮/૦૮/૨૦૨૨ ના રોજ મોજે ધનીવાડી ગામે રોડ ઉપર આરોપી નં. ૨ નાએ સીફટ ડીઝાયર ગાડી રજી નં. જીજે ૦૬ પી.ડી. ૩૩૬૨ મા ગેરકાયદેસર વગર પાસ પરમીટે ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂ તથા બીયરના કુલ બોટલ નંગ–૨૬૪ કિંમત રૂા. ૧,૦૮,૩૬ ૦/– નો પ્રોહી મુદ્દામાલ રાખી, હેરાફેરી કરી, આરોપી નં. ૩ તથા ૪ નાએ બજાજ ૨૨૦ મો.સા. ઉપર પાયલોટીંગ કરી, પ્રોહી નાકાબંધી દરમ્યાન

આરોપી નં. ૧ નાએ સ્વીફટ ડીઝાયર ગાડી પરનો કાબુ ગુમાવી એકસીડન્ટ કરી પકડાઈ જઈ તથા આરોપી નં. ૨ થી ૪ નાઓ નાસી જઈ **પ્રોહી. એકટની કલમ–૬૫ (એ)(ઈ), ૯૮(૨), ૮૧, ૮૩, ૧૧૬(બી)** મુજબનો ગુનો કર્યા અંગેની ફરીયાદના કામે તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પૂરતો પુરાવો જણાતાં તપાસ કરનાર અમલદારે અત્રેની કોર્ટ રૂબરૂ ચાર્જશીટ રજૂ કરેલ છે.

(૨) સદર ચાર્જશીટ દાખલ થતાં, ફોજદારી કેસના કામે આરોપીઓ વિરૂધ્ધ સી ક્રિ.પ્રો. કોડ ની કલમ–૨૦૪ (ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–210(1)(B)) મુજબ હાજર રહેવા અંગેનો સમન્સ ઈસ્યુ કરવામાં આવતાં, સદર સમન્સ આરોપીઓને બજી જતાં આરોપી નં. ૨ થી ૪ નાઓ તેમના વકીલશ્રી મારફતે હાજર થયેલ, ત્યારબાદ આરોપી નં. ૨ થી ૪ અત્રેની અદાલત સમક્ષ હાજર થતા ક્રિ.પ્રો. કોડની કલમ–૨૦૭ (ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૦) અન્વયે પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ અને આરોપી નં. ૨ થી ૪ વિરૂધ્ધ **આંક–૨૨** મુજબ ગુન્હા અંગેનુ ક્રિ.પ્રો. કોડની કલમ–૨૪૦ (ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૬૩) મુજબનુ તહોમતનામું ફરમાવી ત્યારબાદ **આંક–૨૩ થી ૨૫** લગત તેઓનું નિવેદન નોંધવામાં આવેલ તેમજ તેમના વિરૂધ્ધ સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

આ કામના આરોપી નં. ૧ મળી આવતા ન હોય અને નજીકના ભવિષ્યમાં પણ મળી આવે તેવી શકયતા જણાય આવતી ન હોય મારા પુરોગામી સાહેબશ્રી ધ્વારા તેઓ વિરૂધ્ધ ક્રિ.પ્રો. કોડ ની કલમ–૨૯૯ ની જોગવાઈ મુજબ આરોપી નં. ૧ ની ગેરહાજરીમા ટ્રાયલ ચલાવવાનો હુકમ તા.૧૭/૦૫/૨૦૨૫ ના રોજ કરેલ છે.

**(૩)** ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે પ્રફોર્મા–'સી' મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે.

**(૪)** ઉપર મુજબના પુરાવાના અંતે ફરીયાદપક્ષે વિ.એપીપીશ્રીની મૌખિક વિનંતીથી ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. આ કામે આરોપી નં. ૨ થી ૪ નુ ક્રિ.પ્રો. કોડની કલમ–૩૧૩ (ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧) અન્વયેનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. આરોપીઓએ સોગંદ ઉપર જુબાની આપેલ નથી કે બચાવના સાહેદો તપાસેલા નથી. વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે.

ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષે તેમજ બચાવપક્ષે ક્રિ.પ્રો. કોડની કલમ–૩૧૩ (ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૨) મુજબની દલીલો સાંભળવામાં આવેલ છે. જેમાં બંને પક્ષે સદરહું કામનું રેકર્ડ ધ્યાને લઈ યોગ્ય તે ન્યાયીક હુકમ કરવા અરજ ગુજારેલ છે.

**(૫)** ફરીયાદ પક્ષના કેસની હકીકત, રેકર્ડ પરનો પુરાવો, તેમજ બંને પક્ષકારોની દલીલો ધ્યાને લેતા સદર કેસના આખરી નિર્ણય અર્થે નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

**૧ :** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપીઓએ એક બીજાના મેળાપીપણામાં ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂ બીયરની ખરીદ વેચાણનુ પૂર્વ આયોજીત કાવતરૂ રચી તા. ૦૮/૦૮/૨૦૨૨ ના રોજ મોજે ધનીવાડી ગામે રોડ ઉપર આરોપી નં. ૨ નાએ સીફટ ડીઝાયર ગાડી રજી નં. જીજે ૦૬ પી.ડી. ૩૩૬૨ મા ગેરકાયદેસર વગર પાસ પરમીટે ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂ તથા બીયરના કુલ બોટલ નંગ–૨૬૪ કિંમત રૂા.૧,૦૮,૩૬ ૦/– નો પ્રોહી મુદ્દામાલ રાખી, હેરાફેરી કરી, આરોપી નં. ૩ તથા ૪ નાએ બજાજ ૨૨૦

મો.સા. ઉપર પાયલોટીંગ કરી, પ્રોહી નાકાબંધી દરમ્યાન આરોપી નં. ૧ નાએ સ્વીફ્ટ ડીઝાયર ગાડી પરનો કાબુ ગુમાવી એકસીડન્ટ કરી પકડાઈ જઈ તથા આરોપી નં. ૨ થી ૪ નાઓ નાસી જઈ **પ્રોહીબીશન એક્ટની કલમ–૬૫ (એ)(ઈ), ૯૮(૨),૮૧, ૮૧, ૧૧૬(બી)** મુજબના શિક્ષાને પાત્ર ગુના કરેલ છે?

**૨ :** શું હુકમ ?

**(૬)** ઉપરોકત મુદા પરત્વેનો મારો નિર્ણય નીચે પ્રમાણેનો છે.

**૧ :** નકારમાં.

**૨ :** આખરી હુકમ મુજબ.

**–:: કા ર ણો ::–**

**મુદ્દા નંબર–૧:–**

**(૭)** આરોપીઓ સામેના મુકવામાં આવેલ હાલના ગુનાનું તહોમત પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે રજૂ થયેલ મૌખિક પુરાવાનું મૂલ્યાંકન ઉપરોકત ગુનાના આવશ્યક તત્વોને ધ્યાને રાખી નીચે મુજબ કરવામાં આવે છે.

આ કામે આંક–૪૩ થી ફરીયાદી સુમીત્રાબેન વજેસીંગભાઈ રાઠવા, પીન્ટુભાઈ વિરસીંગભાઈ રાઠવા ને આંક–૪૫ તથા ત.ક. અમલદાર ચીમનલાલ મણીલાલ ગામીતને આંક–૪૬ થી તપાસવામાં આવેલા છે. સદર તમામ પોલીસ સાહેદો છે અને તેઓએ ફરીયાદના સમર્થનમા પુરાવો આપેલો છે. તેઓએ મુખ્યત્વે તેમની જુબાનીમાં જણાવ્યુ છે કે, તા. ૦૮/૦૮/૨૦૧૮ ના રોજ તેઓ બાતમી આધારે બે પંચોના માણસોને બોલાવી હમીરપુરા મહુડા ત્રણ રસ્તા પાસે વોચ નાકાબંધીમા હતા તે દરમ્યાન એક મો.સા. ઉપર બે ઈસમો પુર ઝડપે કવાંટ તરફ ગયેલા અને ત્યાર બાદ બાતમી વાળી ફોર વ્હીલ ગાડી રજી નં. જીજે ૦૬ પી.ડી. ૩૩૬૨ આવતી દેખાયેલી જે પોલીસને જોઈ પાછી વાળી

નાસવા લાગેલ જેથી સદર ગાડીનો પીછો કરતા તે ઘનીવાડી ગામે ગાડીના ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતા રોડની સાઈડમા મુકેલ ગલ્લા સાથે અથડાવી દીઘેલી. ગાડીમા બે ઈસમો ઉતરીને નાસવા જતા એક ઈસમને પકડી પાડેલ જયારે અન્ય ઈસમ ભાગી છુટેલ. પકડાયેલ ઈસમને પંચો રૂબરૂ નામ ઠામ પુછતા તેણે પોતાનુ નામ આકાશ ઉર્ફે બીટુ ઈન્દ્રવદન દેસાઈ હોવાનુ જણાવેલુ. ગાડીમા ઝડતી તપાસ કરતા ભારતીય બનાવટનો વિદેશી દારૂ જુદી–જુદી બ્રાન્ડનો સીલ બંધ બોટલો નંગ–૨૬૪ કિંમત રૂા. ૧,૦૮,૩૬૦/– મળી આવેલો જેથી તેમાંથી એક એક બોટલ સેમ્પલ તથા રીઝર્વ તરીકે કાઢી તપાસ અર્થે મુદ્દામાલ કબજે કરેલો. વધુમાં પકડાયેલ ઈસમને ભાગી જનાર ઈસમનુ નામ ઠામ પુછતા તે મયુરભાઈ જયસ્વાલ હોવાનુ જણાવેલુ. આ પ્રોહી મુદ્દામાલ જીતેન્દ્રભાઈ કાળીદાસ પાટણવાડીયા ને આપવાનુ હોવાનુ જણાવેલુ અને આ દારૂ હાફેશ્વર મુકામે અરવિંદભાઈ રતનીયાભાઈ ભીલ તથા મુકેશભાઈ નાનુભાઈ રાઠવાએ ભરાવી આપેલ હવોવાનુ જણાવેલુ. ફરીયાદીએ આંક–૪૪ થી રજુ રાખી તેમા પોતાની તથા રૂબરૂમાં પી.એસ.આઈ.શ્રી, સી.એમ. ગામીતની સહી ઓળખી બતાવેલી છે. ફરીયાદી તથા સાહેદ પીન્ટુભાઈ વીરસીંગભાઈ રાઠવાએ સ્થળ ઉપર પકડાયેલ આરોપીને જોયેથી ઓળખી શકતા હોવાનુ જણાવેલુ છે જયારે ત.ક. અમલદારે તમામ આરોપીઓને જોયેથી ઓળખી શકે તેમ જણાવી આરોપી નં. ૨ થી ૪ ને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલા છે.

જયારે બચાવપક્ષના વિ.વ.શ્રીની ઉલટ તપાસમાં એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, ગુનાવાળી જગ્યા જાહેર રસ્તો છે અને વાહનોની અવર જવર ચાલુ રહે છે, તેમની હાજરીમાગુનામા સંડોવાયેલ વાહન કોની માલીકીનુ હતુ તેનો કોઈ દસ્તાવે કબજે કરવામા આવેલો નથી.

(૮) ફરીયાદ પક્ષે આંક–૩૪ થી પંચ સાહેદ નહેરાજસિંહ દશરથસિંહ કટારીયા તથા આંક–૩૬ થી બાહુદ્દીનભાઈ ગનીભાઈ મકરાણીને તપાસવામાં

આવેલા છે. આ બંને પંચ સાહેદોએ તેમના પુરાવામા તૈયાર કાગળમા સહી કરેલા હોવાનુ જણાવેલુ છે અને તે સિવાય બીજી કોઈ કાર્યવાહી તેમની હાજરીમા થયેલી નથી. આ પંચ સાહેદોએ માત્ર પંચનામામા પોત પોતાની સહી ઓળખી બતાવી પંચનામુ આંક–૩૫ થી રજુ રાખેલ છે.

સદર પંચ સાહેદે આરોપી તરફેની ઉલટ તપાસમા એ બાબતોનો સ્વીકાર કરેલો છે કે, તૈયાર લખેલા કાગળમા સહી કરેલી તે સિવાય તેઓ બીજુ કંઈ જાણતા નથી.

(૯) આ કામે ઉપરોકત રજૂ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવા સિવાય અન્ય કોઈ પુરાવો ફરીયાદપક્ષે પૂરતી તકો આપવામાં આવેલ હોવા છતાં રજૂ થયેલ નથી. આમ, રેકર્ડ ઉપરનો સમગ્ર પુરાવો લક્ષ્યમાં લઈએ તો, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આ કામના પંચ સાહેદોએ **આંક–૩૫** થી રજૂ થયેલ પંચનામાની હકીકતોને સમર્થન કરેલ નથી, તેમજ આ કામે તપાસવામાં આવેલ તપાસ કરનાર અમલદારે તેમની ફરજના ભાગરૂપે કરેલ પોલીસ તપાસની કાર્યવાહી મુજબનો પુરાવો આપેલ છે, રેકર્ડ જોતા આરોપી નં. ૨ થી ૪ નાઓ સ્થળ ઉપરથી મળી આવેલ નથી અને તે હાલના કમે કેવી રીતે સંડોવાયેલા છે તે હકીકત સચોટ પુરાવાથી ફરીયાદ પક્ષ પુરવાર કરી શકેલ નથી. વધુમાં જે વાહન માંથી મુદ્દામાલ દારૂ મળી આવેલ છે તે વાહનની માલીકી અંગે કોઈ પુરાવો તેમની હાજરીમાં કબજે કરવામા આવેલો નથી અને સ્થળ પર પકડાયેલ વાહન આરોપીની માલીકીનુ હોવા અંગેનો કોઈ પુરાવો રેકર્ડ પર રજુ નથી. આ કામે સ્વતંત્ર સાહેદો ના નિવેદનો લીધેલા નથી. આમ, આ કામે આરોપીને તેની સામેના તહોમતમાં સાં કળતો કોઈ સ્પષ્ટ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. તેવા સંજોગોમાં ફરીયાદપક્ષ ઉપરોકત હકીકતે પોતાનો હાલનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય, જેથી **મુદ્દા નં. ૧** નો જવાબ નકારાત્મક ઠરાવી **મુદ્દા નં. ૨** અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

(૧) આ કામના આરોપીઓ **૧.** આકાશ ઉર્ફે બીટુ ઈન્દ્રવદન દેસાઈ, **૨.** મેહુલ ઉર્ફે મયુર ગુણવંતભાઈ જયસ્વાલ, **૩.** અસલા ઉર્ફે અશ્વીનભાઈ ચમકીયાભાઈ રાઠવા, **૪.** જીતેન્દ્ર ઉર્ફે જીતુભાઈ કાળીદાસભાઈ પાટણવાડીયા (ઠાકોર) ને સી આર.પી.સી. ની કલમ-૨૪૮(૧) (ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૭૧(૧)) મુજબ કવાંટ પોલીસ સ્ટેશન સી.પાર્ટ ગુ.ર. નં. ૧૧૧ ૮૪૦૦૬૨૪૦૧૧૩/૨૪, ધી **પ્રોહીબીશન એકટની કલમ-૬૫ (એ)(ઈ), ૯૮(૨),૮૧, ૮૧, ૧૧૬(બી)** મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ ચુકાદો ક્રિ.પ્રો. કોડ ની કલમ-૩૫૩(૬) (ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૩૯૨(૬) મુજબ **આરોપી નં. ૧ ની ગેરહાજરીમાં** જાહેર કરવામાં આવેલ છે.

(૩) આ કામે જપ્ત કરવામા આવેલ મુદ્દામાલ **વાહન તથા મોબાઈલ ફોન** અંગે અગાઉ કોઈ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમ રાખવામા આવે છે અન્યથા માલીકી અંગેની ખરાઈ કરી પરત સોંપવાનો હુકમ કરવામા આવે છે.

(૩) આ કામે કબજે કરવામાં આવેલ **પ્રોહી. મુદ્દામાલનો** અપીલ સમય બાદ નિયમાનુસાર નિકાલ કરવા હુકમ કરવામાં આવે છે.

(૪) આ કામના પ્રત્યેક આરોપીઓ દ્વારા અપીલ અદાલત સમક્ષ હાજર રહેવા સારૂ ક્રિ.પ્રો. કોડ ની કલમ-૪૩૭(એ) (ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ- ૪૮૧) મુજબ રજુ કરેલ રૂા.૫,૦૦૦/-(અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન તથા

તેટલીજ રકમના જાત મુચરકા આ હુકમની તારીખથી છ માસ માટે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) ક્રિમીનલ મેન્યુઅલ પારા–૩૪૯(૧) મુજબ આંકે ન પડેલ કાગળો અપીલ / રીવીઝનનો નિર્ણય / નિકાલ થયા બાદ પોલીસ સ્ટેશને પરત કરવા.

(૬) ફોર્મ–બી (બે ટેબ્યુલર સ્ટેટમેન્ટ) ફોજદારી મેન્યુઅલના નિયમ–૧૭૯(એ)(૧) (૨) મુજબ આ ઠરાવના ભાગ તરીકે સાથે સામેલ રાખેલ છે.

હુકમ, આજરોજ **તા. ૦૩ જી, માહે–જુલાઈ, સને–૨૦૨૬** ના રોજ કલોલ ખાતે ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા.૦૩/૦૭/૨૦૨૬
કવાંટ, જી.છોટાઉદેપુર

(***વી. એચ. ઠક્કર***)
જ્યુડી. મેજી. ફર્સ્ટ કલાસ,
કવાંટ, જી.છોટાઉદેપુર
જીજે ૦૧૬૯૬

// **ARIF** //